# સે-૪નાં તળાવમાં ન્હાવા પડેલો કિશોર ડુબી ગયો...!

## સે-૧૩ છાપરામાં રહેતા મિત્રો ફ્રેન્ડશીપ ડેની બપોરે તળાવમાં ન્હાવા ગયા હતા : ડુબી રહેલા કિશોરને બચાવવાનો પ્રયાસ મિત્રોએ કર્યો પરંતુ ઝાડી-ઝાંખરા વાગતા બચાવી ન શકયા

ગાંધીનગર શહેરના સેકટર-૪ ખાતે સ્થિત તળાવમાં ન્હાવા પડેલા મિત્રો પૈકી એક કિશોર ડુબી જતાં તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. તેના મિત્રોએ બચાવવા માટે પ્રયત્ન પણ કર્યો પરંતુ સાફ સફાઈ કર્યા વગર વર્ષોથી અત્યંત ખરાબ સ્થિતિમાં રહેલા આ તળાવમાં ઝાડી ઝાંખરા અને કાંટા વાગવા લાગતા મિત્રો તેને બચાવી શકયા ન હતાં. ફાયરબ્રિગેડને જાણ થતા સ્થળ પર પહોંચી કિશોરનો મૃતદેહ બહાર કાઢી સે-૭ પોલીસને સોંપ્યો હતો. સે-૭



પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

સેકટર-૧૩ના છાપરા વિસ્તારમાં રહેતા ૧૩ વર્ષીય સંદિપ લાખાભાઈ શંભુડીયા તેના મિત્રો સાથે ફ્રેન્ડશીપ ડેની બપોરે સેકટર-૪ ખાતે સ્થિત વરસાદી પાણીથી ભરાયેલા તળાવમાં ન્હાવા પડયા હતાં. સંદિપનો પગ અચાનક લપસતા પાણીમાં ખુપી ગયો હતો અને બચાવો... બચાવો...ની બુમો પાડવા લાગ્યો હતો તેની સાથે ન્હાવા પડેલા મિત્રો તેને બચાવવા થોડા આગળ ગયા પરંતુ તળાવના કાંટા અને તેના ઉગી ગયેલા ઝાડી ઝાંખરા વાગતા પાછા પડયા હતાં. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ કરતાં ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમ ઘટના સ્થળે તાબડતાબ પહોચી ગઈ હતી. જો કે ત્યાં સુધીમાં કિશોરનું ડુબી જવાથી મૃત્યુ થઈ ચુકયું હતું. મૃતદેહ બહાર કાઢીને પોલીસને સોંપતા સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પીએસઆઈ બોડાણાએ તપાસ શરુ કરી છે.

## ભાડુઆતની જાણ ન કરનાર મકાન માલિક સામે ગુનો દાખલ

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે સેક્ટર-૨૪, સહયોગ એપાર્ટમેન્ટમાં તપાસ કરતાં એક ભાડુઆત રહેતા હતા. જેના મકાન માલિકે સ્થાનિક પોલીસ મથકમાં ભાડુઆત અંગેની જાણ કરાવી ન હતી. કોલવડા રહેતા મકાન માલિક અશોકજી કેશાજી મકવાણા સામે જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગ અંગે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાવોલમાં વરસતા વરસાદે ઉત્તર ગુજરાત વીજ કંપનીની પ્રશંસનીય કામગીરી

ગાંધીનગર તાલુકામાં થયેલા તોફાની વરસાદે ગાંધીનગર નજીકના વાવોલ, કોલવડા, પેથાપુર ગ્રામ્ય વિસ્તારોમાં મોટી સંખ્યામાં સોથવાળી દીધો હતો અને સંપૂર્ણપણે વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો. તોફાની વરસાદમાં પણ ગાંધીનગર સબ ડીવીઝન દ્વારા પડેલા થાંભલા ઉભા કરવા યુદ્ધના ધોરણે કામે લાગી ગયા હતા. ચાલુ વરસાદે તનતોડ મહેનત કરી વીજપોલ ઉભા કરી ગણતરીના દિવસોમાં જ વીજ પુરવઠો ચાલુ કરી આપ્યો હતો. ઉત્તર ગુજરાત વીજ કંપની ગાંધીનગર સબ ડિવિઝનની પ્રશંસનીય કામગીરી બદલ હરિનગર સોસાયટીના વસાહત મંડળના પ્રમુખે કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગાંધીનગરના જન્મ દિને નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પ દ્વારા યુવાનોનું ''વૉક ટુ ગેધર''

## પાટનગરના પાદરે ધોળાકુવા ગામના ૪૦૦થી વધુ ગ્રામજનોનું મફત તબીબી પરિક્ષણ કરી જરૂરી દવાઓ પુરી પાડી : ગાંધીનગરના યુવાનોની સંસ્થા વોક ટુ ગેધરનું પ્રસંશનીય સેવા કાર્ય

ગાંધીનગર, તા. ૨

આજે ગાંધીનગરના જન્મ દિવસ સાથે ફ્રેન્ડશીપ ડે નો સુભગ સમન્વય સર્જાયો હતો. આ શુભ દિવસને નગરના કેટલાક યુવાનોએ 'સેવાકાર્ય' થકી વધુ ઉજ્જવળ બનાવ્યો હતો.

ગાંધીનગરના યુવાનો દ્વારા ચલાવાતી સંસ્થા ''વૉક ટુ ગેધર'' દ્વારા પાટનગરના પાદરે આવેલા ધોળાકુવા ગામે સવારે ૮ થી ૧૨ દરમ્યાન નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેડિકલ ચેકઅપ કેમ્પમાં ધોળાકુવા ગામના ૪૦૦થી વધારે ગ્રામજનોએ તબીબી પરિક્ષણ કરાવ્યું હતું. આયોજકો દ્વારા તબીબી



પરિક્ષણમાં ડૉક્ટર્સ દ્વારા દર્દીઓ માટે સૂચવાયેલ તમામ દવાઓનું પણ નિ-શુલ્ક વિતરમ કરવામાં આવ્યું હતું. મેડીકલ ચેકઅપ દરમ્યાન ગામના નાના બાળકોમાં સીઝનલ બિમારીઓ જેવી કે શરદી, ખાંસી, તાવ વગેરેનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

વૉક ટુ ગેધર સંસ્થા ગાંધીનગરના યુવાન ડૉક્ટર્સ, યુવા નેતાઓ અને યુવા વેપારીઓ દ્વારા ચલાવવામાં ાવે છે જે અંતર્ગત તેઓ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરે છે, આજના મેડિકલ ચેકઅપ કેમ્પમાં સંસ્થાના ડૉ. શ્રેષ્ઠા, ડૉ. ભૂમિ, ડૉ. જયદિપ અને ડૉ. વંદનાએ તબીબી પરિક્ષણની સેવાઓ પુરી પાડી હતી. આ ઉપરાંત સંસ્થાના પ્રમુખ અભિ વાલેરા, સભ્ય અને વોર્ડ નં. ૨ના કોર્પોરેટર હર્ષજીત પંડ્યા, આકાશ પટેલ સહિત અનેક યુવા સભ્યોએ અન્ય સેવાઓ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પાંચ લેબોરેટરી ટેકનીશ્યનો આજે બનાસકાંઠા જવા રવાના થશે.

● જિલ્લા વહીવટીતંત્રે આજે ૩૧ હજાર ફુડપેકેટ્સ અને ૨૦ હજાર જેટલા પાણીના પાઉચ બનાસકાંઠાના અસરગ્રસ્તો માટે રવાના કર્યા હતા. જિલ્લાતંત્રએ અત્યાર સુધીમાં ૭૫ હજાર ફુડપેકેટ્સ મોકલ્યા છે.

● ગાંધીનગર જિલ્લા તંત્ર માટે રજાનો રવિવાર હોવા છતાં ફુડ પેકેટ્સ માટે તેમજ દીકરી દિવસની ઉજવણીમાં વ્યસ્ત રહ્યો હતો.

# વયસ્ક પેન્શનરો - સિનિયર સિટિઝનોને નાણાંકીય જવાબદારી વગરની સુવિધા આપવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨

રાજ્યના વિકાસમાં અથાક ફાળો આપી નિવૃત્ત બનેલા પેન્શનરો અને સિનિયર સિટિઝનોને નાણાંકીય જવાબદારી વગરની સુવિધાઓ આપી રાજ્ય સરકાર કલ્યાણ રાજ્યની વ્યાખ્યાને મજબુત કરી શકે છે. ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને લખેલા પત્રમાં પેન્શનરો - સિનિયર સિટિઝનો માટે કેટલીક રજૂઆતો કરી છે.

ઉંમર વધતાં વયસ્ક પેન્શનરોના, ખાસ કરીને ૭૦ વર્ષથી વધારે ઉંમરના પેન્શનરોના ઉપયોગી હાથમાં કંપન આવી જવાને કારણે, લગભગ તમામ વ્યવહારો ચેક આધારિત બની ગયેલા હોવાથી, ચેકોમાં થતી સહીઓમાં સ્વાભાવિક ફેરફાર થઈ જતાં, અપાયેલા ચેકો તેવા રીમાકર્સ સાથે પાછા આવે છે, તેમાં પ્રતિષ્ઠા અને નાણાંકીય નુકસાનને બાજુ પર રાખીએ તો પણ વયસ્ક પેન્શનરોને પારાવાર હાડમારીઓનો સામનો કરવો પડે છે તેના અત્યંત સરળ ઉપાય તરીકે પેન્શનરને તેના પત્નિ - પતિ સાથે જોઈન્ટ બેન્ક એકાઉન્ટ રાખવાની મંજુરી અપાયેલી છે, તેવા જોઈન્ટ બેન્ક એકાઉન્ટમાં જરૂરીયાત ઉપર આધારિત મંજુર રખાયેલા બે નોમીનીઓનો સંયુક્ત પેન્શન બેન્ક એકાઉન્ટમાં સમાવેશ કરવાના મંજુરીના સામાન્ય હુકમો બહાર પાડવા વિનંતી કરવામાં આવી છે. તેમ છતાં અમારી તેવી રજૂઆતનો અત્યાર સુધીમાં લાંબા સમય પછી પણ વચગાળાનો કે આખરી જવાબ આજદિન સુધી આપવામાં આવેલ નથી.

પ્રસંગોપાત, પ્રાપ્ત વિગતો પ્રમાણે, દેશ અને દુનિયામાં પેન્શનરો - સિનિયર સિટિઝનોને આપવામાં આવતા લાભોને યાદ કરવામાં આવે તો ગુજરાત રાજ્યે કલ્યાણકારી - માનવતાવાદી રાજ્ય તરીકેનું ગૌરવાન્વિત સ્થાન સુદ્રઢ કરવા માટે ઘણું કરવાનું બાકી રહે છે.

કલ્યાણકારી - માનવતાવાદી રાજ્ય બનવાની કઠોર સ્પર્ધામાં અવ્વલ નંબર મેળવવા માટે પ્રબળ મનોબળયુક્ત ઈચ્છાશક્તિ ઉપરાંત પ્રામાણિક ભગીરથ પ્રયાસોની અનિવાર્યતા રહે છે. વધારે જોખમ વગર લક્ષ્ય હાંસલ કરવા પ્રથમ તબક્કામાં નાણાંકીય બોજા વગરના કલ્યાણકારી નિર્ણયો લઈને તેની અમલવારી કરાવી શકાશે.



**સ્થાપના દિવસની ઉજવણી :** શહેરના ૫૧મા સ્થાપના દિવસની ઉજવણી સેક્ટર-૩૦ની સેવા વસતીના બાળકો સાથે ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને કાર્યકરોએ કરી હતી.

# આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે અનુસૂચિત જાતિઓના લાભાર્થીઓનો ચેક વિતરણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર દ્વારા સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે ૩જી ઓગસ્ટને સોમવારે સવારે ૧૧.૩૦ કલાકે અનુસૂચિત જાતિના કુટુંબોના સર્વાંગી વિકાસ માટેની વિવિધ યોજનાના લાભાર્થીઓનો ચેક વિતરણ સમારોહ યોજાશે.

આ સમારોહના અધ્યક્ષ તરીકે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, મુખ્ય મહેમાન પદે મંત્રી રમણલાલ વોરા, વસુબેન ત્રિવેદી, સંસદીય સચિવ જેઠાભાઈ સોલંકી, ઉપાધ્યક્ષ આત્મારામભાઈ પરમાર, ગાંધીનગર મનપાના મેયર હંસાબેન મોદી, મહંત શંભુનાથ મહારાજ, કિરીટભાઈ સોલંકી, વિનોદભાઈ ચાવડા, દર્શનાબેન વાઘેલા, પ્રવિણભાઈ પંડ્યા, શંભુજી ઠાકોર, અશોકભાઈ પટેલ વગેરે હાજર રહેશે.





